MBH-002-001203 Seat No. ________

# First Year B. Com. (Sem. II) (CBCS) Examination

**March / April - 2018**

## Financial Accounting : Paper - II

*(Old Course) (Core - 2)*

**Faculty Code : 002**
**Subject Code : 001203**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (1) દરેક પ્રશ્નના જવાબ મુખ્ય ઉત્તરવહીમાં જ આપવાના છે.
(2) દરેક પ્રશ્નના ગુણ પ્રશ્નની **જમણી** બાજુ દર્શાવેલ છે.
(3) જરૂરી ગણતરી જવાબના ભાગરૂપે છે.

1 મોરબીની મીરાએ પોરબંદરની પૂજાને 1,200ની એક એવી 750 ઘડિયાળ ભરતિયા કિંમત પર 20% નફો મળે તે રીતે ભરતિયા કિંમતે આડતથી વેચવા મોકલી. મીરાએ વીમાના 9,000 અને નૂરના 10,500 ચૂકવ્યા. મીરાએ પૂજા પર રૂ. 3,00,000ની 3 માસની મુદતની હૂંડી લખી, જે પૂજાએ સ્વીકારી પરત કરી. **20**

મીરાએ આ હૂંડી 1 માસ બાદ 6%ના દરે વટાવી. પૂજાને 7% આડત અને 2% આસામી આડત આપવાની છે. પૂજાએ ગાડાભાડું રૂ. 750, વીમો રૂ. 3,750 અને જાહેરાત ખર્ચના રૂ. 750 ચૂકવ્યા. પૂજાના ગોડાઉનમાં આગ લાગવાથી 75 ઘડિયાળ નાશ પામી. વીમા કંપનીએ રૂ. 45,000નો દાવો મંજૂર કર્યો. પૂજાએ 450 ઘડિયાળ રૂ. 1,800ની કિંમતે રોકડેથી અને 150 ઘડિયાળ રૂ. 1,950ની કિંમતે આરતીને ઉધાર વેચી.

મીરાના ચોપડે જરૂરી ખાતાં તૈયાર કરો.

**અથવા**

1 મુંબઈના મનસુખે દરેક રૂ. 500ની પડતર કિંમતનો એક એવા 100 રેડિયો સેટ આડતથી વેચવા માટે જામનગરના જયસુખને દરેક રૂ. 600ની ભરતિયા કિંમતે મોકલ્યા. જયસુખને વેચાણની ઉપજના $7\frac{1}{2}\%$ કમિશન વતા $2\frac{1}{2}\%$ આસામી આડત અને ભરતિયા કિંમતથી વધારાની ઉપજાવેલ કિંમત પર 10% વધારાનું કમિશન આપવાનું છે. જયસુખના ગોડાઉને માલ પહોંચ્યા પછીના તમામ ખર્ચ તેણે ભોગવવાના છે. **20**

માલ મોકલતા મનસુખે માલ મોકલવાના અને વીમાના રૂ. 1,500 ચૂકવ્યા. રસ્તામાં 10 રેડિયો સેટ્સને નુકસાન થયું અને મનસુખે વીમા કંપની પાસેથી નુકસાની પેટે રૂ. 4,000 મેળવ્યા.

જયસુખે ભાડાના અને કાર્ટેજના રૂ. 4,500 ચૂકવી બાકીનો માલ છોડાવ્યો. જયસુખે 70 રેડિયો સેટ્સ, સેટ દીઠ રૂ. 800ના ભાવે વેચ્યા. આમાનાં 30 રેડિયો સેટ્સ તેણે ઉધાર વેચેલા. ઉધાર વેચાણ પૈકી જેને ત્રણ રેડિયો સેટ્સ વેચેલા તે ગ્રાહક નાદાર થયો અને તેની પાસેથી કશું મળી શક્યું નથી. જયસુખે વેચાણ ખર્ચના અને સંગ્રહ ખર્ચના 5,000 ચૂકવ્યા. જયસુખે પોતાને દેવા નીકળતી રકમનો ડ્રાફ્ટ મોકલી આપ્યો.

***તૈયાર કરો :***

*માલધણીના ચોપડે :*

(1) આડતમાલ ખાતું

(2) આડતિયાનું ખાતું

*આડતિયાના ચોપડે :* માલધણીનું ખાતું.

2 રામ અને શ્યામ એક સહિયારા વેપારમાં સરખે હિસ્સે નફા-નુકસાન વહેંચવાની શરતે જોડાયા. રામે રૂ. 45,000નો માલ ખરીદ્યો અને શ્યામ પર 30,000ની 3 માસની હૂંડી લખી. આ હૂંડી તેણે બૅન્કમાં વાર્ષિક 10%ના દરે વટાવી. સંયુક્ત સાહસના અન્ય વ્યવહારો નીચે મુજબ છે : **20**

(1) રામે રૂ. 300 ભાડાના, રૂ. 900 વેચાણ કમિશનના અને રૂ. 600 જાહેરાત ખર્ચના ચૂકવ્યા.

(2) શ્યામે રૂ. 300 મુસાફરી ખર્ચના ચૂકવ્યાં.

(3) રામે થોડો માલ રૂ. 31,980માં વેચ્યો અને આમાંનો થોડો માલ ખરાબ હોવાથી એક ગ્રાહકને રૂ. 500 વળતર આપ્યું.

(4) શ્યામે રૂ. 22,520નો માલ વેચ્યો.

બંને પાસે નહિ વેચાયેલ માલ રૂ. 1,800 અને રૂ. 2,700 હતો. આ માલ અનુક્રમે રામ અને શ્યામ મૂળ કિંમત પર કાચા નફાનો દર જે મળ્યો હોય તે ચઢાવીને જે કિંમત નક્કી થાય તે કિંમતે લઈ લીધો.

હૂંડીનો વટાવ સંયુક્ત સાહસનો ખર્ચ ગણવાનો છે.

***તૈયાર કરો :***

(1) *રામના ચોપડે :*

સંયુક્ત સાહસ ખાતું અને શ્યામનું ખાતું

(2) *શ્યામના ચોપડે :*

સંયુક્ત સાહસ ખાતું અને રામનું ખાતું.

**અથવા**

2 સાધના, આરાધના અને ઉપાસના એક કંપનીના મકાન બાંધકામ માટે સંમત થયા. તેઓએ નફો-નુકસાન અનુક્રમે 3 : 2 : 1ના પ્રમાણમાં વહેંચવાનું નક્કી કર્યું. તેઓએ તેમના સંયુક્ત બૅન્ક ખાતામાં રૂ. 8,10,000 તેમજ નફા-નુકસાનના પ્રમાણમાં જમા કરાવ્યા. **20**

સંયુક્ત બૅન્ક ખાતામાંથી ખર્ચા નીચે પ્રમાણે ચૂકવેલ હતા :

મજૂરી રૂ. 5,85,000, માલસામાન રૂ. 9,15,000, પ્લાન્ટ રૂ. 60,000, આર્કિટેક્ટ ફીના રૂ. 45,000 (સાધનાએ ચૂકવેલ છે.), રૂ. 82,500ની કિંમતનું મિક્ષ્ચર મશીન આરાધના લાવેલ છે, જ્યારે ઉપાસના રૂ. 60,000નું વાહન લાવેલ છે. પૂરા થયેલ કામના અંતે બાકી વધેલ માલનો સ્ટૉક સાધના રૂ. 37,500ની કિંમતે લઈ ગઈ. મિક્ષ્ચર મશીન રૂ. 30,000ની કિંમતે આરાધના લઈ ગઈ અને વાહન ઉપાસનાએ રૂ. 45,000ની કિંમતે લીધું. પ્લાન્ટના રૂ. 15,000 ઉપજ્યા.

રૂ. 13,50,000 (કરાર કિંમતના 75% મુજબ) બૅન્ક ડ્રાફ્ટ સ્વરૂપે અને બાકીના 12%ના ડિબેન્ચરના સ્વરૂપમાં મળ્યા હતા. ડિબેન્ચર્સ 20% ઓછી કિંમતે સાધના ખરીદી લે છે.

ભાગીદારો વચ્ચે હિસાબની પતાવટ થઈ ગયેલ છે તેમ ધારી સંયુક્ત રાશ ખાતું, સંયુક્ત બૅન્ક ખાતું અને ભાગીદારોના મૂડી ખાતાં પેઢીના ચોપડે તૈયાર કરો.

3 રાજ બ્રધર્સનો ધંધો ખરીદી લેવા રાજશ્રી કંપની લિ.ની સ્થાપના કરવામાં આવી. કંપનીની સત્તાવાર શૅરમૂડી 10,000 ઈક્વિટી શૅર દરેક રૂ. 10નો એક એવા શૅરમાં વહેંચાયેલી રહેશે. પેઢીનું તે દિવસનું સરવૈયું નીચે મુજબ છે : **15**

**તા. ૩૧-૩-૨૦૧૪ના રોજનું પાકું સરવૈયું**

| *મૂડી-દેવાં* | *રકમ (રૂ.)* | *મિલકત-લેણાં* | *રકમ (રૂ.)* |
|---|---|---|---|
| *મૂડી :* | | જમીન-મકાન | 48,000 |
| રીતુ : 60,000 | | પ્લાન્ટ-મશીનરી | 20,000 |
| રીમા : 40,000 | 1,00,000 | સ્ટૉક | 24,000 |
| અનામત | 4,000 | દેવાદારો | 23,200 |
| બૅન્ક લોન | 3,000 | રોકાણો | 4,800 |
| લેણદારો | 22,000 | લેણીહૂંડી | 6,400 |
| દેવીહૂંડી | 7,000 | બૅન્ક | 9,600 |
| | ***1,36,000*** | | ***1,36,000*** |

*ધંધાની ખરીદીની શરતો નીચે મુજબ છે :*

(1) જમીન-મકાનની કિંમત રૂ. 50,000, સ્ટૉકની કિંમત રૂ. 24,800 ગણવામાં આવી અને રોકાણો સિવાય અન્ય મિલકતો ચોપડે કિંમતે લઈ લીધી.

(2) પેઢીની પાઘડીની કિંમત રૂ. 10,000 ગણવામાં આવી.

(3) બૅન્ક લોન સિવાયની તમામ જવાબદારીઓ કંપનીએ લઈ લેવી. પેઢીનો વિસર્જન ખર્ચ રૂ. 1,000 થયો જે કંપનીએ ચૂકવ્યો.

(4) ખરીદ કિંમત પેટે કંપની 5,000 પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શૅર 20% પ્રીમિયમે, 6%ના રૂ. 50,000ના ડિબેન્ચર્સ અને બાકીની રકમ રોકડમાં ચૂકવશે.

બાકી રહેલા શૅર જાહેર જનતા માટે કંપનીએ 20% પ્રીમિયમે બહાર પાડ્યા, જે પૂર્ણ ભરપાઈ થયા.

રાજશ્રી લિ.ના ચોપડે આમનોંધ આપી શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

3 જાનકી કંપની લિ.એ ભાગીદારી પેઢીનો ચાલુ ધંધો ખરીદ્યો તે તારીખે પેઢીનું પાકું સરવૈયું નીચે મુજબ છે : 15

| *મૂડી-દેવાં* | *રકમ (રૂ.)* | *મિલકત-લેણાં* | *રકમ (રૂ.)* |
|---|---|---|---|
| *મૂડી :* | | જમીન-મકાન | 1,00,000 |
| હીનલ : 90,000 | | યંત્રો | 20,000 |
| પીનલ : 50,000 | 1,40,000 | વાહનો | 40,000 |
| સામાન્ય અનામત | 40,000 | સ્ટૉક | 10,000 |
| લેણદારો | 60,000 | દેવાદારો : 44,000 | |
| | | –ઘા. અના. : 4,000 | 40,000 |
| | | રોકડ સિલક | 30,000 |
| | ***2,40,000*** | | ***2,40,000*** |

***શરતો :***

(1) કંપનીએ વાહનો અને રોકડ સિવાયની મિલકતો અને દેવાં લઈ લીધાં.

(2) મિલકતોની કિંમત આ પ્રમાણે ગણી :

જમીન-મકાન 20% વધુ, યંત્રો 12% ઓછા, દેવાદારો 20% ઓછા.

(3) ખરીદ કિંમત પેટે 2,000 ઈક્વિટી શૅર દરેક રૂ. 100નો 10% પ્રીમિયમથી આપવાના છે.

જાનકી લિ.ના ચોપડે જરૂરી આમનોંધ લખો. શરૂઆતનું પાકું સરવૈયું તૈયાર કરો.

**4** રમેશ, પરેશ અને સુરેશ ભાગીદારો 5 : 3 : 2ના પ્રમાણમાં નફો-નુકસાન વહેંચે છે. તેમનું તા. 31-3-2014ના રોજનું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે : **15**

| ***મૂડી-દેવાં*** | ***રકમ (રૂ.)*** | ***મિલકત-લેણાં*** | ***રકમ (રૂ.)*** |
|---|---|---|---|
| *મૂડી :* | | જમીન-મકાન | 1,28,000 |
| રમેશ : 75,000 | | મશીનરી | 60,000 |
| પરેશ : 45,000 | | રોકાણો | 12,000 |
| સુરેશ : 65,000 | 1,85,000 | લેણીહૂંડી | 5,200 |
| લેણદારો | 45,000 | સ્ટૉક | 9,000 |
| દેવીહૂંડી | 6,500 | રોકડ-બૅન્ક | 12,800 |
| ખર્ચ ચૂકવવાનો બાકી | 500 | જાહેરાત ઝુંબેશ | 15,000 |
| અનામત ભંડોળ | 5,000 | | |
| | ***2,42,000*** | | ***2,42,000*** |

*પેઢીનો ધંધો નીચેની શરતોએ રાજહંસ લિમિટેડને વેચ્યો :*

(1) મિલકતોના મૂલ્યાંકનમાં મશીનરી રૂ. 80,000, સ્ટૉક રૂ. 12,000, જમીન-મકાન રૂ. 62,800.

(2) અન્ય મિલકતો (રોકડ-બૅન્ક અને રોકાણો સિવાય) તથા જવાબદારીઓ ચોપડે દર્શાવેલ કિંમતે ગણવી.

(3) કંપની પાઘડીના રૂ. 40,000 ચૂકવવા સહમત થઈ છે.

(4) કંપનીએ ખરીદ કિંમત પેટે 10,000 ઈક્વિટી શૅર દરેક રૂ. 10ના આપ્યા અને બાકીની રકમ રોકડમાં ચૂકવી.

ભાગીદારોએ રોકાણો રૂ. 10,000માં વેચ્યા હતા અને 7,000 ઈક્વિટી શૅર, શૅરદીઠ રૂ. 12 પ્રમાણે વેચ્યા હતા તથા બાકીના શૅર નફા-નુકસાનના પ્રમાણમાં વહેંચી લીધા.

*તૈયાર કરો :*

(1) માલ મિલકત નિકાલ ખાતું

(2) ભાગીદારોનાં મૂડી ખાતાં

(3) રોકડ-બૅન્ક ખાતું

(4) નવી કંપનીનું ખાતું અને

(5) નવી કંપનીના ઈક્વિટી શૅરનું ખાતું.

**અથવા**

4 ટૂંકનોંધ લખો : (કોઈ પણ **ત્રણ**) **15**

(1) હિસાબી ધોરણ નં. 6

(2) ધંધાની ખરીદ કિંમતની ગણતરી કરવાની પદ્ધતિ

(3) ધંધો વેચનારનું ઉપલક ખાતું

(4) આસામી આડત

(5) હિસાબી ધોરણ નં. 10.

## ENGLISH VERSION

**Instructions :**

(1) Write answers of all the questions in main answer book.

(2) **Right** hand side figures show marks of each questions.

(3) Necessary calculation is a part of answer.

**1** Meera of Morbi sent 750 Wall-clock each of Rs. 1,200 to Pooja of Porbandar for consignment. The proforma invoice so as to get profit of 20% an invoice price. He paid insurance Rs. 9,000 and freight Rs. 10,500. Meera drew a bill worth Rs. 3,00,000 having maturity period of 3 months, which was accepted by pooja, the bill discounted at 6% after 1 month. Pooja is entitled to get 7% commission and 2% del creder commission. **20**

Pooja paid transcript expenses Rs. 750, insurance Rs. 3,750 and advertisement Rs. 750.

Because of fire in the godown of Pooja 75 wall-clocks were destroyed, insurance company accepted the claim of Rs. 45,000. Pooja sold 450 wall-clocks for Rs. 1,800 each by cash. 150 wall-clocks for Rs. 1,950 by credit sales to Arti.

Prepare necessary accounts in the book of Meera.

**OR**

1 Mansukh of Mumbai consigned 100 transistor sets costing Rs. 500 each to Jaysukh of Jamnagar. The invoice proforma was made at Rs. 600 per set. Jaysukh was entitled to commission @ $7\frac{1}{2}\%$ on sales plu $2\frac{1}{2}\%$ del creder commission and 10% of any excess price realized over and above invoice price. Jaysukh was to bear all the expenses incurred after the goods reached his godown. **20**

While sending the goods Mansukh paid Rs. 1,500 as a forwarding expenses and insurance. In transit 10 transistor sets were damaged and Mansukh received Rs. 4,000 from the insurance company. Jaysukh took the delivery of remaining transistor sets, paying Rs. 4,500 as freight, cartage etc.

Jaysukh sold 70 transistor sets at Rs. 800 each set, 30 of them on credit. Out of which the proceed of 3 transistor sets could not be recovered because of insolvency of customer. He paid Rs. 5,000 as storage and other expenses. Jaysukh sent a bank draft for the settlement of the amount due to Mansukh.

***Prepare :***

*In the Books of Mansukh :*

(1) Consignment account

(2) Consignee account

*In the books of Jaysukh :* Consignor's account.

2 Ram and Shyam entered into joint venture business to share profit and loss equally. Ram purchased goods worth Rs. 45,000 and drew a bill of exchange upon Shyam for Rs. 30,000 at 3 months. He got the bills discounted @ 10% per annum. The other transactions of joint venture are as under : 20

(1) Ram paid Rs. 300 for freight, Rs. 900 for sale commission and Rs. 600 for advertisement.

(2) Shyam spent Rs. 300 for travelling expenses.

(3) Ram sold some of the goods for Rs. 31,980 and allowed discount of Rs. 500 for defective goods he sold.

(4) Shyam sold some of the goods Rs. 22,520.

The unsold goods worth Rs. 1,800 and Rs. 2,700 were taken by Ram and Shyam respectively after adding gross profit at the rate earned on sales made. The discount paid for discounting the bills of exchange is to be considered as an expense of joint venture.

***Prepare :***

(1) *In the books of Ram :*

Joint venture account and Shyam's account.

(2) *In the books of Shyam :*

Joint venture account and Ram's account.

**OR**

2 Sadhana, Aradhana and Upasana agreed to construct a building for a company. They decided to share profit or loss in the ratio of 3 : 2 : 1 respectively. They deposited Rs. 8,10,000 in their Joint bank account as per their profit sharing ratio. Expenses were paid from their joint bank account were as under : **20**

Wages Rs. 5,85,000, Material Rs. 9,15,000, Plant Rs. 60,000, Architect fee paid by Sadhana Rs. 45,000, Mixture machine brought by Aradhana Rs. 82,500, Vehicle brought by Upasana worth Rs. 60,000.

On completion of the work Sadhana took away materials in the stock for Rs. 37,500, Aradhana took away mixture machine for Rs. 30,000 and Upasana took away vehicle for Rs. 45,000. Plant realized Rs. 15,000.

Rs. 13,50,000 (being 75% amount of contract price) was received through bank draft and 12% debentures were received for the balance which were purchased by Sadhana at 20% less than its face value.

Prepare Joint Venture Account, Joint Bank Account and Partner's Account in the books of the firm, assuming that accounts have been settled in between partners.

3 The Rajshree Ltd. was incorporated to purchase the business of M/s. Raj Brothers. The authorized capital of the company is 10,000 equity shares of Rs. 10 each. The Balance Sheet of the firm as on 31-3-14 was as under. **15**

***Balance Sheet of M/s. Raj Brothers as on 31-3-2014***

| ***Liabilities*** | ***Rs.*** | ***Assets*** | ***Rs.*** |
|---|---|---|---|
| *Capital :* | | Land & Building | 48,000 |
| Ritu : 60,000 | | Plant & Machinery | 20,000 |
| Rima : 40,000 | 1,00,000 | Stock | 24,000 |
| Reserve | 4,000 | Debtors | 23,200 |
| Bank loan | 3,000 | Investment | 4,800 |
| Creditors | 22,000 | Bills receivable | 6,400 |
| Bills payable | 7,000 | Bank balance | 9,600 |
| | ***1,36,000*** | | ***1,36,000*** |

*Conditions for the business purchase were as under :*

(1) Land and building at Rs. 50,000, Stock at Rs. 24,800 and other assets except investment were taken over at book value.

(2) Goodwill of the firm is to be valued at Rs. 10,000.

(3) All the liabilities except bank loan are to be accepted by the company. The firm's dissolution expenses Rs. 1,000 which was borne by the company.

(4) Purchase consideration is to paid in 5,000 fully paid up equity shares at 20% premium, 6% Rs. 50,000 debenture and the rest of the amount in cash.

The remaining shares are issued for the public at 20% premium, which were all taken up and paid for.

Draft Journal entries in the books of Rajshree Co. Ltd. and draw the Balance Sheet of the company.

**OR**

3 Janki Company Ltd. absorb business of a firm : **15**

***Balance Sheet***

| ***Liabilities*** | ***Rs.*** | ***Assets*** | ***Rs.*** |
|---|---|---|---|
| *Capital :* | | Land-Building | 1,00,000 |
| Hinal : 90,000 | | Plant | 20,000 |
| Pinal : 50,000 | 1,40,000 | Vehicles | 40,000 |
| General Reserve | 40,000 | Stock | 10,000 |
| Creditors | 60,000 | Debtors : 44,000 | |
| | | – B.D.R. : 4,000 | 40,000 |
| | | Cash | 30,000 |
| | ***2,40,000*** | | ***2,40,000*** |

***The conditions :***

(1) Company purchased assets and debts except vehicles and cash balance.

(2) *Assets valued :*

(i) Land building 20% higher

(ii) Plant 12% less

(iii) Debtors 20% less.

(3) Payment of purchase consideration 2,000 shares each of Rs. 100 at 10% premium.

Prepare Journal entries and initial Balance Sheet of the company.

4 Ramesh, Paresh and Suresh are partners sharing profit and loss in the ratio of 5 : 3 : 2. Their Balance Sheet as on 31st March, 2014 is as under : **15**

| ***Liabilities*** | ***Rs.*** | ***Assets*** | ***Rs.*** |
|---|---|---|---|
| *Capital :* | | Land & Building | 1,28,000 |
| Ramesh : 75,000 | | Machinery | 60,000 |
| Paresh : 45,000 | | Investment | 12,000 |
| Suresh : 65,000 | 1,85,000 | Bill receivable | 5,200 |
| Creditors | 45,000 | Stock | 9,000 |
| Bills payable | 6,500 | Cash and Bank | 12,800 |
| Unpaid expenses | 500 | Advertisement | |
| Reserve fund | 5,000 | campaign | 15,000 |
| | ***2,42,000*** | | ***2,42,000*** |

*The business of firm is sold to Raj-Hans Ltd. on following conditions :*

(1) Revaluated assets are Machinery Rs. 80,000, Stock Rs. 12,000 and Land-Building Rs. 62,800.

(2) Other assets (except cash and investment) and liabilities to be considered as at book value.

(3) Company agreed to pay 40,000 as goodwill.

(4) Company paid 10,000 Equity shares each of Rs. 10 for purchase price and remaining amount paid in cash.

Partners sold investment at Rs. 10,000 and sold 7,000 equity shares at Rs. 12 each and were taken over by the partners in their profit sharing ratio.

*Prepare :*

(1) Realization account

(2) Partner's Capital account

(3) Cash and Bank account

(4) Account of new company

(5) Equity share account of new company.

**OR**

**4** Write short notes : (any **three**) **15**

(1) Accounting Standard No. 6

(2) Calculation of purchase consideration method

(3) Suspense Account of Business Vendor

(4) Del credere Commission

(5) Accounting Standard No. 10.